# ધાબા પર ૫૦ને એકઠા થવાની મંજૂરી નહીં મળે

## ઉત્તરાયણ લઈને નિતિન પટેલનું નિવેદન : ઉત્તરાયણના તહેવારોમાં લોકો ધાબે મોટી સંખ્યામાં ભેગા ના થાય એ માટે ગુજરાત સરકાર માર્ગદર્શિકા જારી કરશે

ગાંધીનગર,તા.૩

દેશભરમાં જીવલેણ કોરોના વાયરસ કહેર યથાવત છે. જોકે નવા વર્ષની શરૂઆતથી દેશમાં કોરોનાના કેસો ઘટી રહ્યા છે. આ વચ્ચે હવે ગુજરાતીઓનો મોટો તહેવા ઉત્તરાયણ નજીક આવી રહ્યો છે. એવામાં સૌ કોઈ વિચારમાં છે કે દિવાળી અને નવરાત્રી બાદ શું ઉત્તરાયણના તહેવારને પણ કોરોનાનું ગ્રહણ નડશે કે રાજ્ય સરકાર તેમાં છૂટછાટ આપશે? એવામાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે ઉત્તરાયણને લઈને એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે.

રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જાહેરાત કરી છે કે, ઉત્તરાયણના તહેવારોમાં લોકો ધાબે મોટી સંખ્યામાં ભેગા ના થાય એ માટે ગુજરાત સરકાર માર્ગદર્શિકા જારી કરશે. તેમણે સ્પષ્ટતા કરી કે, ગુજરાત સરકાર કોઈપણ સંજોગોમાં એક ધાબા પર સોસાયટીના ૫૦ લોકો ભેગા થાય એવી મંજૂરી નહીં આપે. એક જ પરિવારના અને એક રસોડે જમતાં હોય એવાં લોકો ધાબે જઈ શકશે પણ બહારનાં લોકો ધાબા પર આવીને ભીડે કરે તેને કોઈ સંજોગોમાં મંજૂરી નહીં અપાય.



ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા આ જીવલેણ મહામારી ફેલાય નહી તે માટે પતંગ ઉત્સવ રદ કર્યો હતો. કોરોનાની સ્થિતિ અંગે હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરાઈ છે. આ અરજી અંગે હાઈકોર્ટે સરકારને ટકોર કરી હતી કે, દિવાળી બાદ કોરોનાની સ્થિતિ વણસી હતી, તેમ ઉત્તરાયણ બાદ આવી સ્થિતિ સર્જાય તો તેની જવાબદારી કોની રહેશે ? ઉત્તરાયણને લીધે ૨૦૨૧નું આખું વર્ષ ફરીથી ન બગડે તે જોવાની જવાબદારી સરકારની છે. એક વર્ષ ઉત્તરાયણ નહીં ઉજવાય તો ચાલશે. જે બાદ સરકારે તાબડતોબ જાહેરાત કરતા આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનું આયોજન આ વર્ષ માટે રદ કરી નાખ્યું હતું.

# રાજ્યમાં કોરોનાના કેસમાં રોજે રોજ ઘટાડો : ૭૧૫ કેસ

## રાજ્યમાં કોરોનાથી કુલ ૪ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૯૮૧૦૬૬૪ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૩૩૬૬૦ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર, તા. ૩

રાજ્યમાં કોરોના વાયરસના વધતા કહેરને રોકવા માટે રાત્રિ કર્ફ્યૂ અમલમાં છે. મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણીએ પહેલી જાન્યુઆરીથી રાત્રિ કર્ફ્યૂનો સમય ૧૦થી ૬ સુધીનો કર્યો છે તો ૨૪ કલાકમાં નવા કેસની સંખ્યા પણ ૮૦૦ની નીચે નોંધાઈ છે. ૨૪ કલાકમાં કોરોનાના વધુ ૭૧૫ નવા દર્દીઓ સાથે જ કોરોનાનો કુલ આંકડો પણ ૨૪૭૨૨૮ થયો છે. જ્યારે રાજ્યમાં દર્દીઓના સ્વસ્થ થવાનો દર પણ ૯૪.૫૧ ટકા થયો છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૫૧૩૮૪ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૯૮૧૦૬૬૪ થયો છે.

રાજ્યમાં ૭૧૫ નવા દર્દીઓ સામે ૯૩૮ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૨૩૩૬૬૦ એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૭૯૦.૫૨ ટેસ્ટ થાય છે. રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫૦૪૫૫૧ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૫૦૪૪૩૦ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૧૨૧ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૯૨૫૦ એક્ટિવ કેસ છે. જેમાંથી ૬૧ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૮૧૮૯ની સ્થિતિ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે ત્યારે આ સ્થિતિમાં ગત ૨૪ કલાકમાં વધુ ૪ દુઃખદ મૃત્યુ નોંધાયા છે. જેમાં અમદાવાદ કોર્પોરેશન ૨, બોટાદ ૧, રાજકોટ કોર્પોરેશન ૧ સહિત કુલ ૪ લોકોના મોત નિપજ્યા છે. જેથી હવે રાજ્યમાં કુલ મૃત્યુઆંક પણ વધીને ૪૩૧૮ થયો છે.

# મોડાસામાં માલપુર રોડ પર ચિંતન મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલનો શુભારંભ

મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ મોડાસા તથા શ્રી જલારામ આરોગ્ય સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે નૂતન વર્ષ-૨૦૨૧ના મંગલ પ્રભાતે એ વર્ષની શરૂઆતમાં ચિંતન ચેરીટેબલ ટ્રસ્ટ ટાઈફોઈડ, થાઈરોઈડ, બીપી વગેરેની સારવાર ચિંતન મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં મળશે.

હોસ્પિટલના શુભારંભમાં નીઃ શુલ્ક માસ્ક, મેડીસીન્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સન્માનિત કર્યા હતા. આ શુભારંભ પ્રસંગે જલારામ હોસ્પિટલ મેઘરજ, જીવદયા ટ્રસ્ટ, મોડાસા, ૧૧૨ અભયમ ટીમ, પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર, લાયન્સ શક્તિ, લાયન્સ ક્લબ,




સંચાલિત ચિંતન મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલનું દીપ પ્રાગટ્ય કરી ટ્રસ્ટના મેનેજિંગ ડાયરેક્ટર કોકિલાબેન ગજ્જર અને અતિથિ વિશેષ શ્રી જલારામ આરોગ્ય સેવા ટ્રસ્ટ મેઘરજના પીઆરઓ ભીખુભાઈ બામણીયા અને અન્ય સામાજિક સંસ્થાઓના કાર્યકર્તાઓ દ્વારા શુભારંભ કરવામાં આવ્યો હતો. હાલના સમયમાં ખુબજ મોઘવારી, બેરોજગારીના સમયમાં અરવલ્લી જિલ્લાની જનતાને ૫૦ રૂપિયાના રાહતદરે તાવ,શરદી, મલેરીયા, ઉપરાંત જલારામ આરોગ્ય સેવા ટ્રસ્ટ દ્વારા નેત્ર નિદાન કેમ્પ દ્વારા નીઃશુલ્ક આંખની તપાસ, આંખની દવા અને રાહતદરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. નવીન કાર્યરત હોસ્પિટલમાં દર્દીઓને રાહત દરે તમામ પ્રકારના રોગોમાં નિષ્ણાત ડોકટરો દ્વારા નિદાન કરવામાં આવશે. ચિંતન મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલના શુભારંભમાં ટ્રસ્ટના મેનેજિંગ ડાયરેક્ટર કોકિલાબેન ગજ્જર દ્વારા અતિથિ વિશેશોને મોમેન્ટો અને ફૂલ છડી આપીને મોડાસા, ગાયત્રી ચેરીટેબલ ટ્રસ્ટ અને ડીવાઈન ડ્રીમ ચેરીટેબલ ટ્રસ્ટના સામાજિક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આગામી સમયમાં હોસ્પિટલમાં આંખની સારવાર તેમજ મોતિયાના ઓપરેશન કાર્યરત કરવામાં આવશે તેવુ જલારામ આરોગ્ય હોસ્પિટલ મેઘરજના પીઆરઓ ભીખુભાઈ બામણીયાએ જણાવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા કાર્યરત નવીન હોસ્પિટલથી મધ્યમ તેમજ ગરીબ દર્દીઓને સારવાર મળશે તેવુ પ્રજાજનો જણાવી રહ્યા છે.

## મોહસીને આઝમ મિશન દ્વારા જરૂરતમંદ વિદ્યાર્થીઓને ચોપડાનું વિતરણ

મોહસીને આઝમ મિશન દ્વારા આજે અશરફી ટિફિન સર્વિસ ઉપર ૩૫૦થી વધુ જરૂરતમંદ વિદ્યાર્થીઓને મફત ચોપડા વિતરણ કરવામાં આવ્યું હતું. મિશન દ્વારા સમાજ જાગૃતિના વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે જેમાં સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે મિશન કાર્યરત છે, આ પ્રોજેક્ટ અનુસંધાને આર્થિક રીતે તકલીફ અનુભવતા વિદ્યાર્થીઓને શૈક્ષણિક મદદ પણ કરવામાં આવે છે.

મુસ્લિમ સમાજમાં દરેક સારા કામોમાં હંમેશા આગળ રહેતી સંસ્થા મોહસીને આઝમ મિશનની વિવિધ સેવાઓને સમાજ બિરદાવે છે. આજે આ કાર્યક્રમમાં સેક્રેટરી ગુલામનબી બારીવાલા, ઝાહીદ બાંડી, ઈડરીશ સાબલિયા, હાજી ઈકબાલ ખાલક ઝાકીર બાંડી, અશરફ સિંધવા અને મિશનના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# ૧૦૯ ગામો માટે કિસાન સૂર્યોદય યોજનાનો આરંભ

## અન્નદાતા હવે ઉર્જાદાતા બનશે, આવનારા દિવસોમાં કિસાન સુર્યોદય યોજના થકી ખેડૂતો વધુ સમૃદ્ધ બનશે : રૂપાણી

ઉના ખાતે સીએમ રૂપાણીએ ગીર સોમનાથ જિલ્લાના ૧૦૯ ગામ માટે કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે કહ્યું કે, ૨૪ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગીર સોમનાથ જિલ્લાના ૧૪૩ ગામ માટે કિસાન સૂર્યોદય યોજના કાર્યરત કરવામાં આવી હતી. રૂપાણીએ બીજા તબક્કામાં રાજ્યના ૧૨ જિલ્લા અને ૬૪ તાલુકાના ૧૧૪૬ ગામનો સમાવેશ કરાયો છે. અગાઉ પ્રથમ તબક્કામાં ૪ જિલ્લાના ૧૦૫૫ ગામને કિસાન સૂર્યોદય યોજનાનો લાભ મળી ચૂક્યો છે. આવનારા દિવસોમાં કિસાન સૂર્યોદય યોજના થકી ખેડૂત વધુ સમૃદ્ધ બનશે. રૂપાણીએ વધુમાં જણાવ્યુ હતું કે, ગુજરાત ભારતનું રોલ મોડેલ છે. છેલ્લા બે દાયકાથી વિવિધ પ્રોજેક્ટ દ્વારા ગુજરાત વિકાસનો પર્યાય પુરવાર થયું છે. નવા વર્ષના આરંભે ખેડૂતો માટે કિસાન સૂર્યોદય યોજનાની શુભ શરૂઆત થઈ છે. પાણી-વીજળી ખેડૂતની તાકાત છે. રાજ્ય સરકારે પાણી વીજળી માટે સંનિષ્ઠ પ્રયત્નો કર્યા છે. આવનારા દિવસોમાં કિસાન સૂર્યોદય યોજના થકી ખેડૂત બમણી આવક મેળવશ અને વધુ સમૃદ્ધ બનશે. ખેડૂતો પોતાની જમીનમાં સોલાર વીજ પ્રોજેક્ટ શરૂ કરી અન્નદાતા હવે ઉર્જાદાતા પણ બની શકે છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, છેલ્લા ૩ વર્ષમાં પીજીવીસીએલ દ્વારા દર વર્ષે દોઢ-દોઢ લાખ કનેક્શન આપવામાં આવી રહ્યા છે. અગાઉની સરકારમાં લંગડી વીજળી મળતી હતી ટ્રાન્સફોર્મર બળી જતા હતા. આજે લંગડી વીજળીના દિવસો ભૂતકાળ બની ગયા છે. અગાઉની સરકારે ખેડૂતો માટે ક્યારેય રાહત પેકેજ જાહેર નથી કર્યા. જ્યારે ગયા વર્ષે અમારી સરકારે અતિવૃષ્ટિમાં ૩૭૦૦ કરોડનું પેકેજ આપ્યું હતું. સૌરાષ્ટ્રના તમામ જિલ્લા તાલુકા અને ગામડાના ખેડૂતોને પેકેજના પૈસા સીધા ખાતામાં જમા થયા હતા. ખેડૂતોની છેલ્લા ઘણા સમયથી દિવસે વીજળી આપવાની લાગણી અને માંગણી પુરી કરતા રૂપાણીએ જણાવ્યું કે, ખેડૂતોને દિવસે વીજળી મળતા હવે હેરાન નહીં થવુ પડે, ખેડૂત પોતાની શક્તિ ઉર્જાથી વધુ ઉત્પાદન કરશે અને રાત્રે વિશ્રામ અને દિવસે કામ થકી ખેડૂતો વધુ સમૃદ્ધ બનશે. આ સાથે જ રૂપાણીએ ખેડૂતોને કૃષિ કાયદા અંગે ગેરસમજો ફેલાવી ગુમરાહ કરતા લોકોથી બચવા જણાવ્યું છે. આ તકે રૂપાણીએ તાજેતરમાં ભૂમાફિયા, જમીન પચાવી પાડનારને સીધા કરવા લેન્ડ ગ્રેબીંગ એક્ટ અમલમાં લાવ્યા છે. તેમ જણાવી કહ્યુ કે, હવે ખાનગી અને સરકારી જમીન પચાવી પાડનારાઓની ખેર નથી. ઉર્જા મંત્રી સૌરભ પટેલે કિસાન સૂર્યોદય યોજના સહિત ઉર્જા વિભાગે ખેડૂતો માટે લીધેલા સઘન પગલા અંગે કહ્યું કે, ખેડૂતો માગે અને વીજ કનેકશન મળે તે દિવસો હવે દૂર નથી. ખેડૂતને એક કનેક્શન આપવા રૂ ૧.૬૦ લાખ ખર્ચ થાય છે. જ્યારે સરકાર ખેડૂતો પાસેથી માત્ર ૧૦ હજાર જેવી નજીવી રકમ વસુલે છે અને પ્રત્યેક કનેક્શનર દીઠ રૂ. ૧.૫૦ લાખ જેટલી સબસીડી આપે છે જે દર વર્ષે વીજ કનેક્શન આપવા ૧૮૦૦ કરોડ સબસીડી થાય છે.




# બન્ને સ્વદેશી વેકસીનને DCGIની મંજૂરી મળી છે તે સમગ્ર ભારતવાસીઓ માટે આનંદનો અવસર છે : સી.આર.પાટીલ

ગાંધીનગર, તા. ૩

પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અને ભારત બાયોટેકની કોરોનાની સ્વદેશી વેકસીનને ઢઝૈંની મંજૂરી મળી છે તેને વધાવતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે જણાવ્યું છે કે આજનો દિવસ સમગ્ર ભારતવાસીઓ માટે આનંદનો અવસર લઈને આવ્યો છે, દેશમાં તૈયાર થયેલી બે વેકસીનને મંજૂરી મળવાથી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશને કોરોના મુક્ત કરવા ચાલી રહેલી મુહિમ આજે વધુ મજબૂત બની છે. આ તકે હું વૈજ્ઞાનિકોની ટીમ તેમજ વેકસીનની રીસર્ચમાં જોડાયેલા પ્રત્યેક વ્યક્તિનો આભાર વ્યક્ત કરીને અભિનંદન પાઠવું છું.

પાટીલે જણાવ્યું છે કે કોરોનાની 'મેડ ઈન ઈન્ડિયા' વેકસીનથી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના નિર્માણના સંકલ્પને પણ વધુ બળ મળ્યું છે. વિશ્વના અનેક દેશો કોરોનનાની વેકસીન બનાવવાના પ્રયાસ કરી રહ્યા છે ત્યારે તેમાં ભારતને સફળતા મળી છે તે દરેક ભારતીય માટે ગૌરવ લેવાની બાબત છે.



## તલોદમાં ક્ષત્રિય સમાજના યુવક મંડળની બેઠક

તલોદ તાલુકાના ક્ષત્રિય સમાજના યુવક મંડળની સભા યોજાઈ હતી. જેમાં પ્રોફેસર રંગુસિંહ સોલંકી, મંડળના આગેવાનો તથા સામાજિક અધિકારીઓ, સમાજના વડીલો તેમજ યુવક મિત્ર મંડળ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં સમાજના યુવકોને જાગૃતતા લાવવા માટે શિક્ષણ વિશેની માહિતી અપાઈ હતી. વિદ્યાર્થીઓ માટે સ્ટડી સેન્ટર અને સમાજ વાડી બનાવવાનું એજન્ડા સાથે સામાજિક ચર્ચા વિચારણા કરાઈ હતી.

# પ્રાંતિજના સીતવાડા હનુમાન મંદિર ખાતે વિશ્વ હિન્દુ પરિષદની બેઠક

## શ્રી રામ જન્મ ભૂમિ મંદિર નિર્માણ વિષે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી : વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરોને સંગઠન મજબુત બનાવવા આહવાન



પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સીતવાડા ખાતે આવેલ હનુમાન મંદિર પરિષદમાં વિશ્વ હિન્દુ પરિષદની બેઠક યોજાઇ હતી.

પ્રાંતિજના સીતવાડા ખાતે આવેલ હનુમાન મંદિર ખાતે વિશ્વ હિન્દુ પરિષદની બેઠક યોજાઇ હતી જેમાં રામમંદિર અને અયોધ્યા વિશેની વિશેષ ચર્ચાઓ કરવામાં આવી હતી. વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરોને સંગઠન મજબુત બનાવવા સભ્યોને આહવાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહામંત્રી સુનીલદાસજી મહારાજ, તલોદ સાંઇ મંદિરના મહરાજ વિક્રમસિંહ, આર.એસ.એસ.ના ડાૅ.દિપક પટેલ, જસવંતસિંહ રાઠોડ, મહેન્દ્રસિંહ રાઠોડ તેમજ ગામના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આવેલ મહેમાનોનું ફુલહાર શાલ ઓઢીડીને સન્માન કરવામાં આવ્યું હતું.

# બ્રિટનથી આવેલા મુસાફરોની તપાસમાં ઢીલાસ ન કરવા તાકિદ

## નવા સ્ટ્રેનને લઇને વહીવટીતંત્ર એલર્ટ : અમદાવાદમાં બ્રિટનથી આવેલા મુસાફરો પૈકીના ચારમાં કોરોનાના નવા સ્ટ્રેનની પુષ્ટિ, SVP હોસ્પિટલમાં દાખલ

અમદાવાદ, તા. ૩

બ્રિટનથી અમદાવાદ આવેલા પેસેન્જરો પૈકી ૪માં કોરોનાનો નવો સ્ટ્રેન દેખાતા મ્યુનિસિપલ તંત્ર સાબદું બન્યું છે, અને હોમ ક્વોરેન્ટાઈન કરાયેલા બ્રિટનના પેસેન્જરોની નિયમિત તપાસ કરવામાં કોઈ ઢીલાશ ન દાખવવા માટેની તાકીદ કરવામાં આવી છે. છસ્ઝ્રના હેલ્થ ડિપાર્ટમેન્ટના સૂત્રોના જણાવ્યા અનુસાર બ્રિટનના નવા સ્ટ્રેનથી લોકોમાં ચેપ ફેલાવાનું પ્રમાણ વધી ગયું છે. તાજેતરમાં બ્રિટનથી અમદાવાદ આવેલા ચાર પેસેન્જર્સ શંકાસ્પદ જણાતાં તેમને જીફઁ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યારે બાકીના પેસેન્જરોને હોમ ક્વોરેન્ટાઈન કરાયા હતા. એસવીપીમાં દાખલ ચાર પેસેન્જર્સમાં કોરોનાનો નવો સ્ટ્રેન છે કે કેમ, તેની તપાસ માટે તમામના સેમ્પલ પુણેની લેબમાં મોકલવામાં આવ્યા હતા. જેમાં બાદમાં ચારેય પેસેન્જરોમાં કોરોનાના નવા સ્ટ્રેનની પુષ્ટિ થઈ હતી, જેથી હેલ્થ વિભાગમાં હડકંપ મચી ગયો હતો, જેથી હોમ ક્વોરેન્ટાઈન કરાયેલા બ્રિટનના પેસેન્જરોની નિયમિત તપાસ કરતા કર્મચારીઓને કોઈ જ ઢીલાશ નહીં દાખવવા તેમજ કોઈ સંજોગોમાં પેસેન્જરમાં શંકાસ્પદ લક્ષણ જણાય તો તરત જ ઉચ્ચ અધિકારીઓનું ધ્યાન દોરવા તાકીદ કરાઈ હતી.

એક ફલાઈટમાં ચાર કોરોનાગ્રસ્ત પેસેન્જર્સ સાથે આવેલા અન્ય પેસેન્જરો પર શંકાના દાયરામાં છે. વધુ ૧૫ પેસેન્જર્સના સેમ્પલ તપાસ માટે પુણે મોકલાયા છે, પરંતુ રિપોર્ટ આવવાના બાકી છે. બીજી તરફ શહેરમાં કોરોનાના કેસની સંખ્યા હવે ૧૫૦ આસપાસ સ્થિર થઈ છે. તેની સામે ડિસ્ચાર્જની સંખ્યા પણ એટલી જ હોવાથી એક્ટિવ કેસોની સંખ્યામાં વધઘટ થઈ રહી છે. હેલ્થ ખાતાના સુત્રો મુજબ શહેરના પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ ઝોનમાં ફરીથી કોરોનાના કેસોમાં વધારો થઈ રહ્યો છે. જ્યારે ઉત્તર, પૂર્વ અને દક્ષિણ ઝોનમાં કેસોમાં વધઘટ થઈ રહી છે.

## બે તબક્કામાં

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ચૂંટણીની જાહેરાત પૂર્વે કદાચ રાજકીય પક્ષોના આગેવાનો સાથે વધુ એક પરામર્શ બેઠક પણ યોજવાની વિચારણા ચાલી રહી છે. પંચે પહેલીવાર રાજકીય પક્ષોના આગેવાનોને સમયસર અને ઝડપથી ચૂંટણીલક્ષી સમાચારો મળી રહે તે માટે આગેવાન-અગ્રણીઓનું એક ગ્રૂપ બનાવવાની સૂચના પણ જિલ્લાતંત્રોને આપી દીધી છે. રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે આ વખતે ઉમેદવારોના ખર્ચની મર્યાદામાં પણ વધારો કરવા સહિતની બીજી કેટલીક બાબતો સક્રિય વિચારણામાં હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

## રિકાર્પેટીંગ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

નાયબ મુખ્યમંત્રીશ્રીએ આપેલ આ મજૂરીને સાંસદ હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય સંભુજી ઠાકોર ઉપરાંત કલોલ તાલુકા ભાજપના અગ્રણી રાજુભાઈ પટેલ, જિલ્લા પ્રમુખ નૈલેષ શાહ સહિત જશુભાઈ પટેલ અને આઈ.બી. વાઘેલા સહિતના અગ્રણીઓએ આવકારી અભિનંદન અને આભારની લાગણી વ્યકત કરી છે.

## કટાયેલા થાંભલા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

થાંભલાઓ ફીટ કરવામાં આવ્યા છે. પરંતુ સેકટરોમાં દાયકાઓ જુના પોલ્સ પૈકી ઘણાંખરા જોખમી હાલતમાં છે. કેટલાકના ઢાંકણો નિકળીને તુટી ગયા છે ખુલ્લા પોલ્સ પણ જોખમી પુરવાર થાય તેવી દહેશત છે. ત્યારે વરસાદી દિવસોના અંતે હાલની સ્થિતિએ સેકટરોમાં કેટલાક ઠેકાણે સ્ટ્રીટ લાઈટના થાંભલાની દશા અત્યંત ખરાબ છે. જેના લીધે સેકટરવાસીઓ પણ ભય અનુભવી રહ્યા છે. સે-૫ એ માં પણ છેલ્લા ઘણાં સમયથી આ પ્રકારની સ્થિતિ છે. આ મામલે તંત્રએ સર્વે હાથ ધરીને સેકટરોમાં જયાં પણ ભયજનક અને જોખમી થાંભલા જોવા મળે તેને બદલવા માટે ત્વરિત કામગીરી હાથ ધરવાની અનિવાર્યતા છે. જયારે કેટલાક ઠેકાણે ખુલ્લા થાંભલાને ઢાંકણ લગાવવા સહીત કલરકામ કરવાની પણ અનિવાર્યતા છે.

## વળતર અપાશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

બધા જ ડેટાઓનું વિશેષજ્ઞો દ્વારા ગંભીર રૂપથી જોવામાં આવે છે. ત્યારબાદ જ વેકસીનની મંજૂરી આપવામાં આવે છે. ગુલેરિયાએ કહ્યું કે આ આપણા દેશ માટે ખૂબ જ સારો દિવસ છે. નવા વર્ષની શરુઆત માટે ખૂબ જ સારી રીત છે. બંને વેકસીન ભારતમાં બનાવવામાં આવી છે. તે અસરકારક છે. દેખ રેખ કરવામાં સરળ છે. આપણને ખૂબ જ ઓછા સમયમાં વેકસીન લગાવવાનું શરુ કરવું જોઈએ.

## બરફવર્ષા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

માટે મધ્યમ અને ઊંચા પર્વતીય વિસ્તારોમાં ભારે બરફવર્ષાને લઈને યલો એલર્ટ આપ્યું છે, જ્યારે મેથી અને ૩ થી ૫ જાન્યુઆરી વચ્ચે મેદાની અને નીચલા પર્વત વિસ્તારોમાં વાવાઝોડા અને વીજળી પડવાની ચેતવણી આપી છે. હવામાનની તીવ્રતા અનુસાર, રંગો દ્વારા ચેતવણી આપવામાં આવે છે, જેમાં 'પીળો' ઓછામાં ઓછું જોખમી વર્ગમાં આવે છે. સિમલાના હવામાન વિભાગના નિયામક મનમોહનસિંહે જણાવ્યું હતું કે રાજ્યના ઉચ્ચ વિસ્તારના કેટલાક ભાગોમાં હળવા બરફવર્ષાની નોંધ નોંધાઈ છે, જ્યારે કેટલાક ભાગોમાં હળવા વરસાદ પણ થયો છે. તેમણે કહ્યું કે છેલ્લા ૨૪ કલાકમાં મહત્તમ તાપમાનમાં છથી સાત ડિગ્રી સુધીનો ઘટાડો જોવા મળ્યો છે. સિંહે જણાવ્યું હતું કે મનાલી, કુફરી અને ડાલહૌસીમાં મહત્તમ તાપમાન અનુક્રમે ૧.૪, ૨.૬ અને ૪.૧ ડિગ્રી નોંધાયું હતું.

બીજી તરફ, ઉત્તર પ્રદેશના ઘણા વિસ્તારો છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભારે ઠંડી અને ઠંડીની લપેટમાં છે. ઝોનલ હવામાન સેન્ટરના અહેવાલ મુજબ, છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં ભારે શીત લહેર જોવા મળી હતી અને ઘણા વિસ્તારો ગાઢ ધુમ્મસના પ્રભાવ હેઠળ રહ્યા હતા. રાજ્યની રાજધાની લખનૌમાં લઘુત્તમ તાપમાન ૬.૮ ડિગ્રી અને અલ્હાબાદમાં લઘુત્તમ તાપમાન ૯.૦ ડિગ્રી નોંધાયું હતું. આ સિવાય સુલતાનપુરમાં ૫.૨, બંદામાં ૫.૦, બારાબંકીમાં ૪.૦ અને મુઝફ્ફરનગરમાં ૩.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

## રાષ્ટ્ર ગૌરવ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

તેમણે ટ્વિટ કર્યુ- બધાને નવા વર્ષની શુભકામનાઓ. ભારતની પ્રથમ કોવિડ-૧૯ રસી કોવિશિલ્ડને મંજૂરી આપવામાં આવી છે. સલામત અને અસરકારક આ રસી આવતા અઠવાડિયામાં રોલ-આઉટ થવાની તૈયારીમાં છે. ડીસીજીઆઈના ડિરેક્ટર વી.જી. સોમાનીએ કહ્યું હતું કે, 'જો સુરક્ષા અંગે થોડી શંકા પણ હોત, તો અમે આવી કોઈ પણ બાબતને મંજૂરી ન આપત. આ રસી ૧૦૦% સલામત છે. હળવા તાવ, પીડા અને એલર્જી જેવી કેટલીક આડઅસરો દરેક રસી માટે સામાન્ય છે. લોકો રસીથી નપુંસક બની શકે છે તેવો દાવો સાવ બકવાસ છે. ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ ભારતમાં કોરોના વેકસીનની ઈમરજન્સી ઉપયોગને મંજૂરી આપી દીધી છે. આ નિર્ણય બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને કોરોના વેકસીનના ઉપયોગને મંજૂરી મળવા પર શુભેચ્છાઓ પાઠવી છે. પીએમ મોદીએ કહ્યું કે આ પગલું કોરોના વાયરસની વિરુદ્ધની લડાઈમાં ખૂબ જ અગત્યનું સાબિત થશે. વડાપ્રધાને વેક્સીન તૈયાર કરવામાં લાગેલા તમામ વૈજ્ઞાનિકોનો પણ આભાર વ્યક્ત કર્યો.